Inward No.
Registry Branch
G. W. S. S. BOARD
CAO
MS
Chairmen 25 JUN 2018
Marking

સને ૨૦૧૮-૧૯ના વર્ષના અંદાજપત્રમાંથી માહે એપ્રિલ - ૨૦૧૮ થી જુન-૨૦૧૮ માટેની મહેસુલી ગ્રાન્ટ ફાળવવા બાબત

માંગણી ક્રમાંક :૯૫ (અનુસૂચિત જાતિ પેટા યોજના )

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
યાદી ક્રમાંક :બીયુડી/૧૦૨૦૧૮/૩૨૧/ખ-૩
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૬/૦૪/૨૦૧૮

વંચાણે લીધેલ –

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: **(9)bud/1018/other depart./state/b**

યાદી : -

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ઉપરોક્ત ઠરાવ થી સને ૨૦૧૮-૧૯ ના વર્ષના અંદાજપત્રની જોગવાઈ માંથી માંગણી ક્રમાંક : ૯૫, મુખ્ય સદર– ૨૨૧૫ હેઠળ માહે **એપ્રિલ -૨૦૧૮ થી જુન-૨૦૧૮** માસ માટે પાણી પુરવઠા પ્રભાગને કુલ રૂ.3,33,33,000/- (અંકે રૂપિયા ત્રણ કરોડ તેત્રીસ લાખ તેત્રીસ હજાર પુરા)ની મહેસુલી ગ્રાન્ટ ફાળવેલ છે.

ઉકત ગ્રાન્ટ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને નીચે જણાવેલ વિગતવાર સદરોએ ખર્ચ કરવા માટે ફાળવણી કરવા ઉપાડ અને વહેચણી અધિકારીશ્રી (પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

| અનું. | વિગતવાર સદર | એપ્રિલ -૨૦૧૮ થી જુન-૨૦૧૮ સુધી | રકમ શબ્દોમાં અંકે રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | માંગણી ક્રમાંક ૯૫ | | |
| | મુખ્ય સદર - ૨૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા<br>પેટા મુખ્ય સદર - ૦૧ પાણી પુરવઠો<br>ગૌણ સદર - ૧૦૨ ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ<br>પેટા સદર - ૦૧-[illegible]-૭ ગ્રામીણ પાણી પુરવઠા યોજના (ન્યુનતમ જરૂરીયાત કાર્યક્રમ )<br>વિગતવાર સદર - ૦૦<br>હેતુ સદર - ૩૧૩૩ સ્થાનિક સંસ્થાઓને જનરલ સહાયક અનુદાન<br>હેડ ચાર્જેબલ - ૨૨૧૫ ૦૧ ૧૦૨ ૦૧<br>સ્કીમ કોડ- ૧૩૭૨૭૭ | 3,33,33,000 | ત્રણ કરોડ તેત્રીસ લાખ તેત્રીસ હજાર પુરા |
| | સરવાળો - ૨૨૧૫ | 3,33,33,000 | ત્રણ કરોડ તેત્રીસ લાખ તેત્રીસ હજાર પુરા |

શરતો :-

૧. સને ૨૦૧૮-૧૯નાં વર્ષનાં અંદાજપત્રની જોગવાઈની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.

૨. સદર ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષના વીજળીના બીલો ભરવાના થતા હોય તો અગ્રતા આપવાની રહેશે.

૩. સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.

૪. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રી (પા.પુ.) ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

૫. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.જો માહિતી સમય સર મોકલવામાં ન આવે તો તેનીં જવાબદારી બોર્ડના નાણા નિયંત્રક અધિકારીની રહેશે

૬. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.

૭. આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૩/૦૪/૨૦૧૮ ઠરાવોમાં દર્શાવેલ શરતો પણ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે .

(જે.એલ.ગોહિલ)
સેક્શન અધિકારી
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

(૧) મુખ્ય ઇજનેર અને અધિક સચિવ શ્રી (યોજના), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) ખાસ ફરજ પરના અધિકારીશ્રી(પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
(૪) નાણાં નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
(૫) મુખ્ય ઈજનેરશ્રી,(પ્લા. અને મોની.), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના પ્રતિ,

(૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
(૨) ઉપસચિવ (બજેટ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૪) ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
(૫) ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ(સમાજ કલ્યાણ) સચિવાલય, ગાંધીનગર
(૬) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૭) સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારું.
(૮) નાયબ સેક્શન અધિકારી.
(૯) પસંદગી ફાઈલ.